<u>રજીસ્ટર પોસ્ટ એ.ડી.</u>

વિષય :– મોજે : વલ્લભ વિદ્યાનગર, તા.જિ.–આણંદના સીટી સર્વે નં.૧૪૦૪/૨, વાળી ૪૧૯–૯૧૫૦ ચો.મી. જમીનમાં **<u>રહેણાંક/રીટેઈલ શોપના</u>** હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સંહીતાની કલમ–૬૫(એ)/૬૭ હેઠળ હેતુફેરની રીવાઈઝ પરવાનગી આપવા બાબત.

નં.જમન–૧/એન.એ./એસ.આર./૬૫(એ)/૬૭/૬૫/૨૦૧૬–૧૭/ ૫૦૭૫ થી ૫૦૮૪
જિલ્લા કલેકટરની કચેરી,
આણંદ. તા.૨૮/૦૭/૨૦૧૭.

**<u>વંચાણમાં લીધા :–</u>**

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

(૨) અરજદાર ગીરીશભાઈ હરમાનભાઈ પટેલની તા.૨૮/૦૩/૨૦૧૭ ની અરજી.

(૩) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, વલ્લભ વિદ્યાનગરના પત્ર નં.સીટીએસ/વશી/૫૪/૨૦૧૭, તા.૨૬/૦૪/૨૦૧૭.

(૪) નાયબ કલેકટરશ્રી, આણંદના પત્ર નં.સીટીએસ/વશી/૭૮/૧૭/વશી/૯૩૩, તા.૦૬/૦૫/૨૦૧૭ થી પુરાં થતાં કાગળો.

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય) વિભાગ, આણંદના પત્ર જા. નં. સીબી/૨૭૯૮/સને. ૨૦૧૭, તા.૨૬/૦૫/૨૦૧૭.

(૬) મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદના પત્ર નં. ટી.એન.સી/એન.એ/એસ.આર/વશી/૫૨૯, તા.૨૪/૦૪/૨૦૧૭.

(૭) નાયબ કલેકટર અને જમીન સંપાદન અધિકારીશ્રી, આણંદના પત્ર નં. એન.એ./એસ.આર./૬૨/૨૦૧૭/વશી/૭૨૭, તા.૧૩/૦૪/૨૦૧૭.

(૮) નાયબ કલેકટરશ્રી, જ. સુ. અને અપીલ, આણંદના પત્ર નં. ગણત–૨/વશી/૫૧૩, તા.૨૦/૦૫/૨૦૧૭.

(૯) શાખાધ્યક્ષશ્રી, જમન–૨ શાખા, કલેકટર કચેરી, આણંદના પત્ર નં. જમન–૨/અભિપ્રાય/વશી/૨૭૮૨, તા.૧૯/૦૪/૨૦૧૭.

(૧૦) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના નોટીફીકેશન નં. જીએચવી/૧૪૦/૨૦૧/યુડીએ/૧૮૨૦૧૨/૭૪૩/એલ., તા. ૨૮/૦૮/૨૦૧૨.

(૧૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભવિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદના પત્ર નં. અવકુડા/લે.આઉટ/વશી/૩૫૦, તા.૨૨/૦૩/૨૦૧૭.

(૧૨) અત્રેની કચેરીના પત્ર નં. જમન–૧/એન.એ./એસ.આર./૬૫(એ)–૬૭/૬૫/૨૦૧૬–૧૭/વશી/૪૧૮૯, તા.૨૦/૦૬/૨૦૧૭.

(૧૩) અરજદારશ્રીએ તા.૨૨/૦૬/૨૦૧૭ ની અરજી સાથે રજૂ કરેલ અસલ ચલનો તથા પહોંચ.

કલેક્ટર
આણંદ

(૧૪) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદના પત્ર નં.તજર/બુક/આણંદ/વશી/૩૩૬, તા.૦૬/૦૭/૨૦૧૭.

**હુ ક મ :–**

મોજે : વલ્લભ વિદ્યાનગર, તા.જિ.–આણંદના સીટી સર્વે નં.૧૪૦૪/૨, વાળી ૪૧૯–૯૧૫૦ ચો.મી. જમીન સીટી સર્વે રેકર્ડમાં ગીરીશભાઈ ગીરીશભાઈ હરમાનભાઈ પટેલ ના નામે ચાલે છે. જે જમીનનો રહેણાંક/વાણિજયના હેતુસર બિનખેતીનો ઉપયોગ કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભવિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદના તા.૨૨/૦૩/૨૦૧૭ ના આમુખ–(૧૧) માં દર્શાવેલ પત્રથી રહેણાંકના હેતુ માટેના પ્લાન મંજુર કરેલ છે. જે જમીનના મંજુર કરેલ પ્લાન મુજબ ૧૬૭–૫૫ ચો.મી. જમીનમાં **રહેણાંક/વાણિજયના** હેતુ માટે બાંધકામ કરી, ૧૬૯–૫૬૫ ચો.મી. જમીન આકાશ સુધી ખુલ્લી તથા એપ્રોચ રોડ માટે રાખી, ૮૨–૮૦ ચો.મી. જમીન પાર્કીગ માટે રાખી કુલ ૪૧૯–૯૧૫૦ ચો.મી. જમીનમાં બીનખેતીનો ઉપયોગ કરવા અરજદારશ્રીએ આમુખ–(૨) થી અરજી કરેલ છે.

સદર કામે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, વલ્લભ વિદ્યાનગર મારફતે જરૂરી તપાસ કરાવેલ છે. જે અંગે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, વલ્લભ વિદ્યાનગરે નિયત ચેકલીસ્ટમાં દરખાસ્ત તૈયાર કરી સવાલવાળી જમીનની પ્રોપટીકાર્ડ નોંધોની ટૂંકી વિગતો દર્શાવતું પત્રક તૈયાર કરી જમીનનું ટાઈટલ કલીયર હોવા બદલ પ્રમાણપત્ર આપેલ છે તથા સવાલવાળી જમીનના હાલના અરજદારશ્રીએ સવાલવાળી જમીનનાં વાણિજયના હેતુસર હેતુફેરના રીવાઈઝ પ્લાન મંજુર કરાવી સવાલવાળી જમીનમાં હેતુફેરની રીવાઈઝ મંજુરી માંગેલ છે અને રેકર્ડકીય રીતે ટાઈટલ કલીયર છે. સ્થળે જમીન ખુલ્લી હોઈ, સવાલવાળી જમીનમાં બીનખેતીની પરવાનગી આપવા માટે હકારાત્મક અભિપ્રાય સાથે આમુખ–(૩) ના પત્રથી દરખાસ્ત નાયબ કલેકટરશ્રી, આણંદને મોકલી આપેલ હતી. જે દરખાસ્ત નાયબ કલેકટરશ્રી, આણંદે તેઓના હકારાત્મક અભિપ્રાય સહ આમુખ–(૪) ના પત્રથી અત્રે મોકલી આપેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય) વિભાગ, આણંદએ આમુખ–(૫) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનમાંથી તેઓની કચેરી હસ્તકનો કોઈ રસ્તો પસાર થતો નથી. જેથી સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવામાં આવે તો વાંધા સરખું નથી, તેવો હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદએ આમુખ–(૬) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન બાબતે હાલમાં ગણોત કાયદા હેઠળ કેસ ચાલુમાં નથી. તેમજ અપીલ કે રિવિઝન દાખલ થયેલ નથી તેવો અભિપ્રાય આપેલ છે.

નાયબ કલેકટર અને જમીન સંપાદન અધિકારીશ્રી, આણંદએ આમુખ–(૭) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનની જમીન સંપાદનની દરખાસ્ત તેઓની કચેરીમાં ચાલતી નથી તથા સવાલવાળી જમીનના માલિકીપણા અંગે કેસ, વિવાદ કે અપીલના મુદ્દે કોઈ કાર્યવાહી ચાલુમાં નથી.

નાયબ કલેકટરશ્રી, જ. સુ. અને અપીલ, આણંદના આમુખ–(૮) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે ગણોતધારાની કલમ–૭૪ હેઠળ કોઈ અપીલ કે કલમ–૭૬.અ મુજબ કોઈ રીવીઝન ચાલુમાં નથી. આમ, સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવા અંગે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

શાખાધ્યક્ષશ્રી, જમન–૨ દફતર, કલેકટર કચેરી, આણંદના આમુખ–(૯) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે હાલ આર.ટી.એસ. રજીસ્ટરે કોઈ આર.ટી.એસ. / રીવીઝન

Scanned by CamScanner

(૨૯) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી બાંધકામ કરવાની મર્યાદા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેરનામાથી વખતોવખત બહાર પાડવામાં આવે તેટલી ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૩૦) કબજેદાર જો ઉપરોકત શરતોનો ભંગ કરશે અને જો જમીન ખેતીની પોતાના કબજામાં ચાલુ રાખશે તો તે લેન્ડ રેવન્યુ કોડની કલમો અને રુલ્સના નિયમોને અનુલક્ષીને કલેકટર અગર બીનખેતીની પરવાનગી આપનાર અધિકારી ફરમાવે તે પ્રમાણે તેમણે ઉપજ દંડ વસુલ આપવા પડશે.

મોજે : વલ્લભ વિદ્યાનગર, તા.જિ.–આણંદના સીટી સર્વે નં.૧૪૦૪/૨, વાળી ૪૧૯–૯૧૫૦ ચો.મી. જમીન પરત્વે.

Dhawal
૨૧/૭/૧૭
કલેકટર, આણંદ

(Seal: કલેકટર આણંદ)

પ્રતિ
શ્રી ગીરીશભાઈ હરમાનભાઈ પટેલ
રહે.અખિલેશ, અંબામાતાના મંદિર સામે,
મું.વલ્લભ વિદ્યાનગર, તા.જી.આણંદ

(રજીસ્ટર પોસ્ટ એ. ડી. દ્વારા)

**નકલ રવાના :–**

૧. મામલતદારશ્રી, આણંદ(ગ્રામ્ય) તરફ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ
૨. ચીફ એકઝીકયુટીવ ઓથોરીટીશ્રી, આણંદ–વિદ્યાનગર–કરમસદ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ અને પ્રાંત અધિકારીશ્રી, આણંદ તરફ જાણ સારૂ.
૩. પ્રાંત અધિકારીશ્રી, આણંદ તરફ જાણ સારૂ.
૪. ચીફ ઓફીસરશ્રી, વલ્લભ વિદ્યાનગર નગરપાલિકા, વલ્લભ વિદ્યાનગર જાણ સારૂ.
૫. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, આણંદ તરફ(માપણી ફીના અસલ ચલણ સાથે)
૬. સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, વલ્લભ વિદ્યાનગર તરફ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
૭. તલાટીશ્રી, વલ્લભ વિદ્યાનગર તરફ હુકમ મુજબ અમલવારી કરવા સારુ તથા ગામ દફતરે ઉપરોકત શરતોનો ફેરફાર નોંધમાં જરૂરી ઉલ્લેખ કરી ફેરફાર નોંધ પાડવા સારૂ.
૮. રેકર્ડ શાખા
૯. સિલેકટ ફાઈલ

Scanned by CamScanner

## સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : બખપ / ૧૦૭૯ / ૩૯૧૧૫ / ક, તા. ૧૭/૨૨–૭–૭૯ થી નક્કી થયા મુજબ લે. રે. કોડની કલમ–૬૫(એ)/ ૬૭ હેઠળ હેતુફેરની રીવાઈઝ મંજુરીના હુકમ સાથે સામેલ રાખવાનું પત્રક .

| બીનખેતી પરવાનગી આપેલ જમીનના સ. નં., ગામ તથા કબેજદારનું નામ | બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી.માં | નિયમ મુજબ લેવાપાત્ર બીનખેતી આકારનો દર તથા કેવા પ્રકારનો બીનખેતી ઉપકર કરવાનો છે. તેની વિગત |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| ગામ : વલ્લભ વિદ્યાનગર<br>સીટી સર્વે નંબર : ૧૪૦૪/૨<br>ટી. પી. સ્કીમ નં. : –<br>પ્લોટ નં. : –<br>કબજેદારનું નામ : શ્રી ગીરીશભાઈ હરમાનભાઈ પટેલ | ૪૧૯–૯૧૫૦ ચો.મી. | ૦.૬૦ પ્રતિ ચો.મી. રહેણાંક/વાણિજ્યના |

| વસુલ કરવાના આકારની કુલ રકમ | રૂપાંતર કર લેવાનો હોય તો તેની રકમ | શિક્ષણવેરો લેવાનો હોય તો તેની રકમ | અન્ય કોઈ વેરો વસુલ કરવાનો હોય તો તેની રકમ (લોકલ ફંડ) | કોલમ ૪, ૬, ૭ વેરો કઈ તારીખથી વર્ષથી લેવાનો છે. |
|---|---|---|---|---|
| ₹ માં | ₹ માં | ₹ માં | ₹ માં | ₹ માં |
| ૪. | ૫. | ૬. | ૭. | ૮. |
| ૨૫૨/– | ૧૬,૭૯૭/– | ૬૩/– | ૧૨૬/– | હુકમની તારીખના વર્ષથી |

કોલમ–૫ મુજબ રૂપાંતર કર તથા માપણી ફી ₹૧,૨૦૦/–, તથા સવાલવાળી જમીનમાં લે. રે. કોડની કલમ–૬૭ હેઠળ રીવાઈઝ પરવાનગીના કામે અંગે ૪૦ પટ દંડની રકમ ₹૧૦,૦૭૮/–, તા.૨૨/૦૬/૨૦૧૭ થી જમા કરાવેલાનું અસલ ચલન રજુ થયેલ છે.

ચાલુ વર્ષનું જ બીનખેતી આકારનો દર ₹૨૫૨/– તથા લોકલ ફંડ ₹૧૨૬/– તથા આગલા બાકી ₹૮૨૫/– મળી કુલ ₹૧૨૦૩/– જમીન મહેસુલ પહોંચ નં.–૧૧૨, તા.૦૩/૦૭/૨૦૧૭ તથા શિક્ષણ ઉપકર ₹૬૩/– તથા આગલા બાકી ₹૧૩૫/– મળી કુલ ₹૧૯૮/– શિક્ષણ ઉપકર પહોંચ નં.–૬, તા.૦૩/૦૭/૨૦૧૭ થી તલાટીશ્રી, વલ્લભ વિદ્યાનગર ધ્વારા સરકારશ્રીમાં વસુલ લીધેલ છે જેની પહોંચો રજુ થયેલ છે.

કલેક્ટર આણંદ

Bhavsal
૨૯/૭/૧૭
કલેકટર, આણંદ

નં. જમન–૧/એન.એ./એસ.આર./૬૫(એ)–૬૭/૬૫/૨૦૧૬–૧૭/વશી/ ૫૦૭૫ થી ૫૦૮

જિલ્લા કલેકટરની કચેરી.

Scanned by CamScanner

Stage-3




# આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદ

**AVKUDA**

જુની પ્રાંત કચેરી, અમુલ ડેરી રોડ, તા.જિ.આણંદ-૩૮૮૦૦૧

ફોન નં.(૦૨૬૯૨) ૨૪૨૨૦૪ E mail id - avkudaand@gmail.com


નમુનો :- ઘ

નિયમ-૧૦

બાંધકામ માટે પરવાનગી

( આ મંજુરી માલિકીનો પુરાવો નથી, તે માટે કલેકટરશ્રીનો નિર્ણય આખરી ગણાશે. )

પ્રતિ,
અખિલેશ એસોસીએટસ એ નામની ભાગીદારી પેઢી
વતી તેના ભાગીદારો શ્રી દિપેશકુમાર વસંતભાઈ આયર વિગેરે
ઠે.અખિલેશ, અંબામાતાના મંદિર પાસે,
વલ્લભ વિધાનગર, તા.જિ.આણંદ

કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ આણંદ

વિષય :- મોજે – વલ્લભ વિધાનગર, તા.જિ.આણંદના સી.સ.નં.૧૪૦૪/૨ માં રહેણાંક/રીટેઈલ શોપ હેતુ માટેની બાંધકામ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપશ્રીની તારીખ.૧૩/૦૭/૨૦૧૭ ની અરજી અન્વયે.

ઉપરોકત વિષય પરત્વે સંદર્ભ હેઠળની અરજી અન્વયે ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ( સન.૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭ ) ની કલમ-૨૯(૧), ૨૯(૧)(૨), ૨૯(૧) (૩) અને ૪૯(૧)(ખ) હેઠળ મોજે ગામ : વલ્લભ વિધાનગર, તાલુકો : આણંદ, જીલ્લો : આણંદના સી.સ.નં.૧૪૦૪/૨, ક્ષેત્રફળ ૪૧૯.૯૧૫૦ ચો.મી. જમીનમાં તેમની હદમાં નીચે વર્ણન કર્યા મુજબ રહેણાંક/રીટેઈલ શોપ હેતુ માટે આ સાથેની શરતોને આધિન બાંધકામની પરવાનગી આપવામાં આવે છે.

કામનું વર્ણન :-

| અ.નં. | ફ્લોર (માળ) | બાંધકામમાં (બિલ્ડઅપ) નું ઉપયોગી ક્ષેત્રફળ (ચો.મી.) | બાંધકામનો ઉપયોગ | એકમની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. |
| ૧ | ગ્રાઉન્ડ ફ્લોર | ૧૬૭.૫૫ (પ્રપોઝ) | પાર્કિંગ/રીટેઈલ શોપ | ૦૧+૦૪ | - |
| ૨ | ફર્સ્ટ ફ્લોર | ૧૭૮.૫૩ (પ્રપોઝ) | રહેણાંક/ રીટેઈલ શોપ | ૦૨+૦૪ | - |
| ૩ | સેકન્ડ ફ્લોર | ૧૬૪.૫૮ (પ્રપોઝ) | રહેણાંક | ૦૪ | - |
| ૪ | થર્ડ ફ્લોર | ૧૬૪.૫૮ (પ્રપોઝ) | રહેણાંક | ૦૪ | - |
| | કુલ | ૬૭૫.૨૪ | - | - | - |

અગાઉ અત્રેના પત્ર ક્રમાંક :વિ.પ/ - /૨૦૧૪ તા.------ / ------ /૨૦૧૪ થી અપાયેલ વિકાસ પરવાનગી આથી રદ ગણવાની રહેશે.

ક્રમાંક-અવકુડા/વિ.પ/ ૯૦૩૪ /૨૦૧૭
તા. ૨૭/ ૦૮ /૨૦૧૭

૨.....

(૨૮) ઉપર જણાવેલ શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૩૫, ૩૬, ૩૭, ની જોગવાઈ મુજબ દંડ તથા જરૂરી પગલાને પાત્ર થશે અને આ શરતોને અમલ જવાબદાર ઈસમોના / સંસ્થાના ખર્ચે અને જોખમે કરાવી શકાશે અને સત્તામંડળના તેવા કૃત્યના લીધે જે નુકશાન ખોટ કે હરકત થાય તે બદલ કોઈપણ વળતર કે બદલો મળશે નહી.

(૨૯) જમીન માલિક/ડેવલોપર્સ ફાયર સેફટીની જોગવાઈ ધારાધોરણ મુજબ કરવાની તથા કાયમ માટે તેની નિભાવણી કરવાની રહેશે.

(૩૦) સવાલવાળી જમીનમાં ભવિષ્યમાં સોસાયટીના સભ્યો (કબ્જેદારો) ધ્વારા કોઈ વાદ-વિવાદ તથા કોર્ટ મેટર થાય તેની સંપૂર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૩૧) ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફટી મેઝર્સ એકટ-૨૦૧૩ તથા ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફટી મેઝર્સ રૂલ્સ-૨૦૧૪ અને ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફટી રેગ્યુલેશન-૨૦૧૬ અન્વયે ફાયર સુપ્રન્ટેન્ડેન્ટશ્રી આણંદ નગરપાલિકાનો અભિપ્રાય મેળવ્યા બાદ જ જમીનનો ઉપયોગ કરવાનો રહેશે.

(૩૨) સવાલવાળી જમીનમાં બાંધકામ શરૂ કરતા પહેલા મજુરો ધ્વારા ખુલ્લામાં શૌચક્રિયા થતી બંધ કરવા માટે મજુરો માટે હગામી ટોયલેટ બનાવવાનું ફરજીયાત રહેશે.

(૩૩) ઉપર જણાવેલ કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો પરવાનગી રદ થયેલી ગણાશે.

સહી/-
( ર્ડા.ધવલ પટેલ )
ચેરમેન
આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ
શહેરી વિકાસ સત્તામંડળ, આણંદ

નોધ :- (૧) અરજદારશ્રીએ વિકાસ ચાર્જ રૂ.૪૪૨૬૦/- તા.૧૫/૦૩/૨૦૧૭ ના રોજ ઓનલાઈન બેન્કમાં ટીએકસએન આઈડી નં.૩૩૭૧૩ થી અગાઉ લે-આઉટ મંજુરી વખતે ભરપાઈ કરેલ છે.

(૨) અરજદારશ્રીએ ખુટતી ચકાસણી રૂ.૨૯/- તા.૧૫/૦૩/૨૦૧૭ ના રોજ ઓનલાઈન બેન્કમાં ટીએકસએન આઈડી નં.૩૩૭૧૩ થી અગાઉ લે-આઉટ મંજુરી વખતે ભરપાઈ કરેલ છે.

(૩) અરજદારશ્રીએ ફ્લેક્ષ બેનર ફી રૂ.૩,૮૫૦/- તા.૧૫/૦૩/૨૦૧૭ના ઓનલાઈન બેન્કમાં ટીએકસએન આઈડી નં.૩૩૭૧૩ થી અગાઉ લે-આઉટ મંજુરી વખતે ભરપાઈ કરેલ છે.

(૪) અરજદારશ્રીએ ખુટતી ચકસાણી ફી રૂ.૨૯/- તા.૦૯/૦૮/૨૦૧૭ના ઓનલાઈન એફ.ડી.એફ.સી.બેન્કમાં ટીએકસએન આઈડી નં.૪૬૩૦૫ થી ભરપાઈ કરેલ છે.

રવાના કર્યુ

મુખ્ય કારોબારી અધિકારી
આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ
શહેરી વિકાસ સત્તામંડળ, આણંદ

બિડાણ :- નકશાનો સેટ -૧
ક્રમાંક :- એસ.આર.નં. -૭૮
તારીખ :- ૧૪/૦૮/૨૦૧૭
નકલ રવાના :- ચીફ ઓફિસરશ્રી, વલ્લભ વિધાનગર નગરપાલિકા, વલ્લભ વિધાનગર, તા.જિ.આણંદ તરફ જાણ સારૂ.

Scanned by CamScanner